**KKE-6318** Seat No.________

# M. A. (Sem. I) Examination

## November / December - 2014

## Gujarati : Paper - 103

*(Core Course - Comp.)*

*(મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપોનો અભ્યાસ)*

Time : 3 Hours] [Total Marks : **70**

**સૂચના :** પ્રશ્નપત્રની જમણી બાજુએ દર્શાવેલા અંક જે - તે પ્રશ્નના કુલ ગુણ સૂચવે છે.

૧ આશરે **ત્રણસો** શબ્દોમાં ઉત્તર લખો : **૧૪**

(ક) ફાગુકાવ્યની મહત્ત્વની લાક્ષણિકતાઓ જણાવી, તેનું સ્વરૂપ સ્પષ્ટ કરો.

**અથવા**

(ક) ફાગુકાવ્યના વિકાસમાં જૈન અને જૈનેતર કવિઓનું પ્રદાન જણાવો.

૨ આશરે **ત્રણસો** શબ્દોમાં ઉત્તર લખો : **૧૪**

(ક) મધ્યકાળના સુમધુર ફાગુકાવ્ય તરીકે 'વસંતવિલાસ'નું મૂલ્યાંકન કરો.

**અથવા**

(ક) ટૂંકનોંધ લખો :

(૧) 'વસંતવિલાસ'-માં પ્રકૃતિનિરૂપણ

(૨) 'વસંતવિલાસ'-માં શૃંગારનિરૂપણ.

૩ આશરે **ત્રણસો** શબ્દોમાં ઉત્તર લખો : **૧૪**

(ક) આખ્યાનકાવ્યની સ્વરૂપગત વિશેષતાઓ જણાવો.

**અથવા**

(ક) આખ્યાનનો ઉદ્‌ભવ જણાવી, મહત્ત્વના આખ્યાન કવિઓનું પ્રદાન મૂલવો.

૪ આશરે **ત્રણસો** શબ્દોમાં ઉત્તર લખો : ૧૪

(ક) 'કુંવરબાઈનું મામેરું' - એ પ્રેમાનંદની ઉત્તમ કવિત્વશક્તિનું સર્જન છે. - આ વિધાનની સાર્થકતા ચર્ચો.

**અથવા**

(ક) ટૂંકનોંધ લખો :

(૧) 'મામેરું'-માં નરસિંહનું પાત્ર

(૨) 'મામેરું'-માં હાસ્યરસ.

૫ કોઈ પણ **સાત** પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો : ૧૪

(૧) પ્રેમાનંદ પૂર્વે કયા-કયા કવિઓએ 'મામેરું'ની કથા વિશે આખ્યાન રચ્યાં છે ?

(૨) અન્યોક્તિ એટલે શું ? 'વસંતવિલાસ'માં આવતી કોઈ પણ બે અન્યોક્તિ લખો.

(૩) મધ્યકાળનાં ચાર જૈન ફાગુકાવ્યો અને તેના કર્તાનાં નામ લખો.

(૪) ફાગુકાવ્યની બે મહત્ત્વની વિશેષતાઓ જણાવો.

(૫) 'વસંતવિલાસ'ના આરંભ અને અંતની કડીમાં કવિ શું કહે છે ?

(૬) 'વસંતવિલાસ'ની વિરહિણી નાયિકા કાગડાને ઉદ્દેશીને શું કહે છે ?

(૭) 'સમરાત્રિ-શિવરાત્રિ આવી પહોંચી છે.' - એમ કહીને 'વસંતવિલાસ'કાર શું સૂચવે છે ?

(૮) પ્રેમાનંદની છ ચિરંજીવ આખ્યાનકૃતિઓનાં નામ લખો.

(૯) આખ્યાનકાર તરીકેની પ્રેમાનંદની બે વિશેષતા જણાવો.

(૧૦) આખ્યાન સ્વરૂપના અંગરૂપ 'કડવું'ની સમજૂતી આપો.

(૧૧) પ્રેમાનંદના પુરોગામી આખ્યાનકારોનાં નામ જણાવો.

(૧૨) 'સાધુપિતાને દુઃખ દેવાને મારે સીમંત શાને આવ્યું રે !' - કુંવરબાઈ આવું કેમ બોલે છે ?

---